Date :- 04-04-2025
Gujaratmitra, Page-14, Surat

**ચોમાસા પહેલા બ્રિજની કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક**

# તાપીના મેટ્રો બ્રિજ ઉપર 25 ને બદલે 50 મીટરના સ્પાન બનાવવામાં આવ્યા

**મેટ્રો** માટે તાપી નદીના બ્રિજના પિયર્સ ઓછા કરવા સ્પાનની ખાસ ડિઝાઇન બનાવાશે



સુરતઃ સુરત મેટ્રો પ્રોજેક્ટમાં હાલ બ2 કોરિડોરની કામગીરી હાલ ચાલી રહી છે. મેટ્રોના બીજા ટેક્સટાઈલ કોરિડોરમાં તમામ એલીવેટેડ રૂટ છે. આ રૂટ અંતર્ગત તાપી નદી પર બ્રિજ પણ સાકાર કરવામાં આવી રહ્યો છે. સુરત શહેરના પૂર્વ અને પશ્ચિમ ભાગને જોડતો આ બ્રિજ ખાસ હશે. ભેંસાણથી સારોલીના રૂટ પર ચોપાટી અને અડાજણને જોડતા તાપી રીવર બ્રિજ બનાવવાનું કામ સ્થળ પર ચાલી રહ્યું છે. મેટ્રો બ્રિજના આ નિર્માણમાં તાપી નદી પર પિયર્સની સંખ્યા ઓછી કરવા માટે સ્પાનની લંબાઈ વધારવામાં આવી હોવાનું

...અનુસંધાન પાના 5 પર

## તાપીના વહેણને ખલેલ ન પહોંચે તે માટે કામચલાઉ જેટી બનાવાઈ

હાલમાં આ બ્રિજની સિવિલ વર્કની કામગીરી સ્થળ પર ચાલી રહી છે. બ્રિજ માટે સૌથી પહેલા પાઈલ ફાઉન્ડેશનની કામગીરી શરૂ કરાઈ

...અનુસંધાન પાના 5 પર

## આ રીતે સ્ટ્રક્ચર બનશે

**50**મીટરના **8** સ્પાન બનશે

**144** બોક્સ સેગમેન્ટ હશે

જમીનથી **20** મીટર ઊંચો બ્રિજ

બ્રિજની લંબાઇ **350** મીટર હશે

Date :- 04-04-2025

Gujaratmitra, Page-05, Surat

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ચેમ્બરની કોમર્સ...

FTA કરવા માંગ કરવા આવી કેમ? અમેરિકી રાષ્ટ્રપતિએ ભારત પર 27 ટકા 'ડિસ્કાઉન્ટેડ રેસીપ્રોકલ ટેરીફ' જાહેર કર્યો છે. આ સંદર્ભે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શ પિયુષ ગોયલને રેસીપ્રોકલ ટેરીફની અમલવારીને ધ્યાનમાં રાખી જેમ્સ એન્ડ જ્વેલરી અને ટેક્સટાઇલ ઉદ્યોગ માટે ટેરીફ પર તાત્કાલિક ધોરણે સબસિડી આપવાની માંગ સાથે રજૂઆત કરવામાં આવી છે. વિજય મેવા વાલા એ જણાવ્યું હતું કે,ભારત અને અમેરિકા વચ્ચે વર્તમાન વેપારની વાત કરીએ તો વર્ષ 2024 માં, અમેરિકા અને ભારત વચ્ચે કુલ 129.2બિલિયન ડોલરનો વેપાર થયો હતો. આમાંથી, યુ.એસ.ના માલોની ભારતમાં આયાત 41.8 બિલિયન ડોલરની હતી, જ્યારે યુ.એસ.માં ભારતથી 87.4 બિલિયન ડોલરનું એક્ષપોર્ટ થયું હતું. આથી, યુ.એસ. માટે 41.8બિલિયન ડોલરનો વેપાર ચિંતાનો મુદ્દો હતો.

### ટ્રમ્પના 27...

હવે નોંધપાત્ર રીતે ઓછા સ્પર્ધાત્મક બનશે. અમેરિકાએ પહેલેથી જ ભારતીય ઝીંગા પર એન્ટિ-ડંપિંગ અને કાઉન્ટરવેલિંગ ડ્યુટીઓ નાખી છે. ભારતની કુલ ઝીંગા નિકાસમાંથી 40 ટકા અમેરિકા મોકલે છે. ઇક્વાડોર અને ઇન્ડોનેશિયા અમેરિકી બજારમાં સ્થાનિક નિકાસકારોના મુખ્ય સ્પર્ધકો છે. 2023-24 દરમિયાન ફ્રોઝન ઝીંગાની નિકાસ 7,16,004 ટન હતી. અમેરિકાએ ગયા નાણાકીય વર્ષમાં 2,97,571 ટનની આયાત કરી હતી, ત્યારબાદ ચીન (1,48,483 ટન), યુરોપિયન યુનિયન (89,697 ટન) અને જાપાન (35,906 ટન) આવે છે. દ્રષ્ટિએ 32.35 ટકા વધી છે.

### 26% પારસ્પરિક...

જેમ ભારતનો જેમ અને જ્વેલરી ઉદ્યોગ પણ યુએસએ દ્વારા લાદવામાં આવેલા પારસ્પરિક ટેરિફને કારણે બદલાયેલા વૈશ્વિક આર્થિક પરિદ્દશ્યનું વિશ્લેપણ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે.ભારતીય જેમ અને જ્વેલરીની અમેરિકામાં નિકાસ પર ટ્રમ્પ પ્રશાસન દ્વારા જાહેર કરવામાં આવેલા 26% પારસ્પરિક ટેરિફનો નોંધપાત્ર બોજ ભારતીય નિકાસકારો અને અમેરિકન ગ્રાહકો બંને પર પડશે. સ્પર્ધામાં ઉતરેલા રાષ્ટ્રો પર ટેરિફ લાગુ કરવાથી જ્યાં પડકારો અને તકો બંનેનું સર્જન થાય છે, ત્યારે અમેરિકામાં ભારતની નિકાસના આધારસ્તંભ સમાન જેમ અને જ્વેલરી સેક્ટર પર તેની નોંધપાત્ર અસર થવાની શક્યતા છે.

### તાપીના મેટ્રો...

જાણવામાં આવ્યું છે. સામાન્ય રીતે કોઈ પણ બ્રિજના સ્પાનની લંબાઈ 20 થી 25 મીટર રાખવામાં આવતી હોય છે. પરંતુ તાપી નદી પર સાકાર કરવામાં આવનાર મેટ્રોના આ બ્રિજમાં સ્પાનની લંબાઈ 50 મીટર રાખવામાં આવી છે. જેથી તાપી નદી પર 50 મીટરના 8 સ્પાન બનશે અને કુલ 9 જ પીલરની સાથે આ બ્રિજ સાકાર કરી દેવાશે. આ 50 મીટરના સ્પાન માટે સ્પાન્સ સેગમેન્ટલ બોક્સ ગર્ડર્સનો ઉપયોગ કરીને બાંધવામાં આવશે જે લોન્ચિંગ ગર્ડર પદ્ધતિ સાથે ઉભા કરવામાં આવશે. નદી પરના આ સુપરસ્ટ્રક્ચરમાં નદીના ભાગ પર કુલ 144 બોક્સ સેગમેન્ટ હશે. 18.74 કિમી લાંબા સુરત મેટ્રો લાઇન-2 નું કામ સારોલીથી મજુરા અને મજુરાથી ભેસાણ વચ્ચે બે ભાગમાં કરવામાં આવી રહ્યું છે. જૂન 2025 સુધીમાં આ બ્રિજ તૈયાર થઈ જશે તેમ જાણવામાં આવ્યું છે.

### તાપીના વહેણને...

હતી. અને બ્રિજની કામગીરી માટે તાપી નદી પર કામચલાઉ જેટી પણ બનાવવામાં આવી છે. ખાસ કરીને તાપી નદીના વહેણને ખલેલ ન પહોંતે તે માટે અહી હંગામી જેટી બનાવવામાં આવી છે. જેના મદદથી બ્રિજની કામગીરી કરવામાં આવી રહી છે. બ્રિજ સાકાર થયા બાદ જેટી કાઢી નાખવામાં આવશે.

### આખા રાજ્યમાં...

શકે છે. ગઈકાલે સુરતમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે આજે સવારે ન્યૂનતમ તાપમાન ૨૫.૬ ડિગ્રી રહ્યું છે. વધતા ઉકળાટ વચ્ચે સૂર્યનારાયણ જાણે તેમનો ક્રોધ વરસાવી રહ્યાં છે. જેના કારણે બપોરના સમયમાં તાપમાન વધુ અસહ્ય બન્યું છે. આજે મહત્તમ તાપમાન સાડા પાંચ ડિગ્રી ગગડીને 34.2 ડિગ્રી નોંધાયું હતું. છતાં બપોરે અસહ્ય ઉકળાટથી લોકો પરેશાન થયા હતા. આજે બપોરે ભેજનું પ્રમાણ વધીને 63 ટકા રહ્યું હતું. સાથે જ પવનોની